જ્ઞાનના ભંડારો અને સંઘસંસ્થા

સાત ક્ષેત્રમાંથી ગઈ કાલે ચૈત્ય અને મૂર્તિના સંબંધમાં વ્યાખ્યાન થઈ ગયાં છે, હવે જે પાંચે ક્ષેત્ર રહ્યાં, તેમાંથી આપણે જ્ઞાનનો અને સંઘનો વિચાર કરીએ. કારણ કે સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે અંગ સમાઈ જાય છે.

સંઘના ઉદ્ધારાર્થે મુખ્ય સાધન જ્ઞાન છે. અંધારા ઓરડામાં જતાં આપણે સ્તંભ સાથે અફળાઈએ, અથવા તો ખુરસી સાથે ઠોકર વાગે કે રસ્તામાં પડેલા ખડીઆને ઉંધો વાળીએ, પણ તે ઓરડામાં દીપકનો પ્રકાશ આવતાં વસ્તુસ્થિતિ ખરી રીતે સમજાય છે. તેવી રીતે જ્ઞાનથી વસ્તુઓનું ખરું સ્વરૂપ સમજાય છે; અને પછી આપણે હેય અને ઉપાદેયનો વિવેક કરી શકીએ છીએ. પ્રથમ મહાવીર સ્વામીએ ત્રિપદી કહી. તેમાંથી ગણધરોએ શાસ્ત્રો ગુંથ્યાં. જ્યારે લોકો મૂળ સૂત્રો સમજવાને અસમર્થ હોય—અથવા પૂરતા સમર્થ ન હોય ત્યારે તે સૂત્રો પર ભાષ્યો રચાયાં, ભાષ્યો પર ટીકાઓ થઈ. આમ ખરા—જાત અનુભવી જ્ઞાનીઓના અભાવે તેમણે લખેલાં પુસ્તકો અને તેની ટીકાઓ આધારભૂત બને છે. જ્યારે સાચા જ્ઞાનીઓ જીવતા હોય, વિદ્યમાન હોય, ત્યારે તેમના હૃદયના ઉદ્‌ગારો એ જ શાસ્ત્રો બને છે. પણ જ્યારે પોતાનામાંથી નવું જ્ઞાન ઉત્પન્ન કરવાની શક્તિ હોય નહિ તેવા શિષ્યો હોય છે, ત્યારે તેઓ ભાષ્યો, ટીકાઓ, અવચૂરિઓ લખે છે, અને પછી જીવનપ્રવાહ વ્હેતો અટકે છે અને અમુક સ્થાયી વિચારો પુસ્તકોરૂપે દૃઢ થાય છે. તેવા પુસ્તકોના ભંડારોને જ્ઞાનના ભંડારો કહે છે. જ્ઞાનનાં પુસ્તકો આપણને તત્ત્વજ્ઞાન, મહાન પુરુષનાં ચરિત્રો અને તત્ત્વજ્ઞાનને જીવનમાં ઉતારવાનો માર્ગ—આચારો પૂરા પાડે છે. દરેક જમાનાનું મુખ્ય કામ એ છે કે ભૂતકાળના મહાપુરુષોએ આપણને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે વારસો આપ્યો હોય તે સાચવવો, અને તે વારસામાં ઉમેરો કરીને ભવિષ્યની પ્રજાને તે વારસો સોંપવો. હવે વૃદ્ધિ કે ઉમેરો કરવાની વાત તો દૂર રહી. તેને સાચવવા જેટલી પણ શક્તિ આપણામાં નથી. સાચવવાના બે માર્ગ છે. એક તો જે જ્ઞાન પુસ્તકોમાં લખેલું હોય તેને ભણવું અને સમજવું અને બીજો માર્ગ જે પુસ્તકોમાં તે જ્ઞાન લખાયું હોય, તેને બરાબર સાચવવા, તેને અમુક પેટીઓમાં ગોઠવવા, તેને ઉધઈ ન લાગે તેવી સંભાળ રાખવી કે જેથી તે પુસ્તકો વર્તમાન કાળના કે ભવિષ્યના જ્ઞાનીઓને ઉપયોગમાં આવે. પ્રથમ લહીઆઓ પુસ્તકો લખતા, તેને બદલે હવે પુસ્તકના રૂપમાં છાપવામાં આવે છે, તેથી ઘણો લાભ છે. છાપેલાં પુસ્તકો શુદ્ધ હોય છે, અને ઘણા મનુષ્યો તેનો સહેલાઈથી લાભ લઈ શકે છે.

જ્ઞાનને આપણે એટલું મહત્ત્વનું માનીએ છીએ કે આપણે જ્ઞાનનું ઉદ્યાપન (ઊજમણું) કરીએ છીએ. તે પ્રસંગ જ્ઞાનની મહત્તા બતાવવાનો હોય છે, પણ તેને બદલે જ્ઞાનનાં સાધનો અને બીજાં અનેક શોભાભર્યા પદાર્થોની છાપ પ્રેક્ષક વર્ગ પર પડે છે. ૧૦૦૦૦ રૂ. નું એક મનુષ્ય ઊજમણું કરે, અને જ્ઞાનનાં પુસ્તકો ૨૫ રૂપીઆનાં મૂકે, આ તે શું જ્ઞાનનું ઉદ્યાપન ? જ્યારે જીવનની કિંમત ઘટે છે ત્યારે આકારોની માન્યતા વધે છે, તેવી સ્થિતિ અહીં થઈ છે.

આપણી પાસે સંખ્યાબંધ પુસ્તકો છે. અમારા ભંડારોમાં ૨૦૦૦ વર્ષની જૂની તાડપત્ર પરની પ્રત છે. એમ કહેવાથી જ્ઞાનની મહત્તા વધતી નથી. જ્યારે કોઈ યુરોપીયન જળ, ઓક્ષીજન અને હાઇડ્રોજન નામના બે વાયુનું બનેલું છે, એમ વિજ્ઞાનથી પુરવાર કરે ત્યારે આપણે કહીશું કે અમારા શાસ્ત્રમાં જળને "વાતયોનિ" કહેલું છે. એટલે જલનું ઉદ્‌ભવસ્થાન વાયુ છે. હવાઈ વિમાનની કોઈ વાત કરે તો કહે અમારા શાસ્ત્રમાં કયાં પવનપાવડી ન હતી ? કોઇ તોપની વાત કરે તો અમારે ત્યાં અગ્ન્યસ્ત્ર હતું. જ્યારે કોઇ નવી શોધ કરે, ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણે કહીએ છીએ કે એ તો અમારા શાસ્ત્રમાં લખેલું છે. પણ શાસ્ત્ર વાંચીને આપણે નવું શું શોધી કાઢ્યું?

જ્યાં સુધી જ્ઞાનદ્વારા મનુષ્યને સાચી સમજ ન પેદા થાય ત્યાં સુધી મનુષ્ય બાહ્ય વસ્તુઓમાં સુખને શોધવા બહુ ફાંફાં મારે છે. પણ અંતે તે કંટાળે છે. કારણ કે સાચું સુખ બહારના પદાર્થોમાં નહિ પણ પોતાની અંદર રહેલું છે. પુસ્તકો એ સાધનો છે, અને સાધ્ય સદ્જ્ઞાનની પ્રાપ્તિ છે. હવે આ સદ્જ્ઞાન મનુષ્ય પુસ્તકોદ્વારા મેળવી શકે, તેમજ પોતાના અનુભવોદ્વારા પણ પ્રાપ્ત કરી શકે. હજારો શાસ્ત્રો કરતાં પણ એક મનુષ્યનો જાત અનુભવ ચઢી જાય છે. જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ કોઇ વસ્તુની પ્રાચીનતાથી કે અર્વાચીનતાથી તેનું માપ કાઢવાનું નથી. કવિ કાલિદાસે માલવિકાગ્નિમિત્રમાં લખ્યું છે કે. "પ્રાચીન એટલું બધું સારૂં નહિ. તેમ જ નવું એટલું બધું ખોટું નહિ. જ્ઞાનીઓ–વિચારવંતો પ્રાચીન તેમ જ અર્વાચીન–એ બંનેની પરીક્ષા કરીને બેમાંથી એકનો સ્વીકાર કરે છે. ત્યારે મૂઢ–મૂર્ખ મનુષ્યો બીજાની બુદ્ધિ પર વિશ્વાસ રાખી દોરાઈ જાય છે." માટે પ્રાચીન કે અર્વાચીનના ઝઘડામાં નહિ ઉતરતાં મનુષ્યે દરેક વસ્તુની તેની પોતાની મહત્તા ઉપર કિંમત આંકવી અને જે પોતાના આત્મવિકાસને મદદગાર થાય તેનો સ્વીકાર કરવો. મહાન પુરુષો તો કહેતા આવ્યા છે કે અમે કહીએ છીએ માટે અમુક વસ્તુને સ્વીકારતા ના, પણ સોનાને જેમ કષ, છેદ અને તાપ લગાડે છે, તેમ તમારા હૃદય, મન અને અનુભવની કસોટી લગાડો અને વાત સ્વીકારવા યોગ્ય લાગે તે સ્વીકારો, અને તે પ્રમાણે જીવન જીવો. તમારો અનુભવ તેની સત્યતા કે અસત્યતા પુરવાર કરી આપશે. જેમને કાંઈ પણ વસ્તુ જીવનમાં ઉતારવી નથી, અને તે વસ્તુની સત્યતાનો અનુભવ કરવો નથી, તેઓ તો પ્રાચીન સૂત્રોને ટાંકયાં કરશે, પણ જેઓ સત્યજીવન જીવવા માગે છે, તેઓ તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરી સત્ય જ્ઞાનને વ્યવહારમાં ઉતારશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે આપણે સંઘનો વિચાર કરીએ. ઉમાસ્વાતિ સ્વામી પ્રશમરતિમાં લખે છે કે **परस्परोपग्रहो जीवानाम्** જીવો પરસ્પર ઉપકારી છે. શ્રાવકો સાધુઓને સંયમ નિર્વાહનાં સાધનો પુરાં પાડે અને સાધુઓ શ્રાવકોને જ્ઞાનપ્રાપ્તિમાં મદદ કરે, આ રીતે ચતુર્વિધ સંઘનાં ચારે અંગો એકબીજાને સહાયક છે. પણ જ્યાં અજ્ઞાન વધે અને બીન મહત્ત્વની બાબતોને પ્રધાનપદ આપવામાં આવે, ત્યાં પક્ષાપક્ષી થાય અને ઝઘડાઓ વધે, અને જ્યાં ધર્મનો હેતુ એકતા સંપ, અને શાંતિ હોવો જોઈએ, ત્યાં જ ધર્મનિમિત્તે વેર વિરોધ થાય એ નહિ ઇચ્છવા યોગ્ય ઘટના છે. જ્યારે જ્ઞાનપ્રવાહ જીવંત હોય, લોકો મુખ્ય સિદ્ધાંતોને લક્ષમાં રાખી દેશ કાળ પ્રમાણે સુધારા કરતા રહેતા હોય ત્યાં પ્રગતિ સારી રીતે થાય છે, પણ જ્યાં સત્યને અમુક વ્યવસ્થિત રૂપ આપવામાં આવે છે, અને સ્થિતિચુસ્તતા જ ધર્મ મનાય છે, ત્યાં પ્રગતિ અટકી પડે છે, અને સંઘમાં કુસંપ વ્યાપે છે. જેમ અત્યારે દેશની પ્રગતિ ખાતર નાના નાના મતભેદો દૂર કરવામાં આવે છે, તેમ સંઘની પ્રગતિ ખાતર સંઘના વિવિધ અંગોએ બીન મહત્ત્વની બાબતો સંબંધી કલહ કંકાસથી દૂર રહેવું જોઇએ.

હાલમાં જો પક્ષાપક્ષી કે કલહ દેખાતા હોય, તો તેનું એક કારણ સ્થિતિચુસ્ત અને પ્રગતિશીલ વિચારો વચ્ચેનો વિરોધ છે. જ્યાં જ્યાં સ્થિતિચુસ્ત વિચારકો અને પ્રગતિશીલ વિચારકોનું સંમેલન થાય, ત્યાં એક બીજાને સમજવાને બદલે પોતાનો કક્કો ખરો કરાવવાનો આગ્રહ હોય ત્યાં ઝઘડા સિવાય શું બીજું પરિણામ આવે!

બીજું મોટું, કારણ ખરા નાયકો—આગેવાનોની ખામી છે. જેઓ નિઃસ્વાર્થી, કૃતકૃત્ય, પરોપકારી, બુદ્ધિશાળી, પ્રેમાળ, સત્યવચની, કાર્યદક્ષ અને કુનેહ બુદ્ધિવાળા હોય, અને જેમના હૃદયમાં સંઘનું હિત કેમ કરવું એ જ પ્રધાન લક્ષ હોય, તેવા આગેવાનો ક્યાં છે? જેઓ Calculating—ગણત્રી કરનારા હોય, પોતાનો કે પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પક્ષનો વિચાર કરનારા હોય તેઓ શી રીતે આગેવાન થઈ શકે? હિતોપદેશમાં લખ્યા પ્રમાણે તેઓ તો એમજ વિચારે કે—

न गणस्याग्रतो गच्छेत् यथा लाभे समं फलं ।
यदि कार्यविपत्तिः स्यात् मुखरस्तत्र हन्यते ॥

ટોળાના આગેવાન થઇને જવું નહિ. જો લાભ થશે તો બધાને સમાન થશે, પણ જો કાર્ય ઉંધું પડશે તો જે મોખરે હશે, તેનો નાશ થશે. માટે આગેવાન થવું નહિ, એવી ભાવનાવાળાઓની સંખ્યાનો પાર નથી. કોઈ આ કામ કરે તો ઘણું સારું, પણ મારે શું કરવા તે કરવું જોઈએ? આવું કહેનારા ઘણા છે. પણ ઘણા થોડા જ મનુષ્યો એમ કહેવા બ્હાર પડે છે કે "જો કોઇએ આ કામ કરવું જોઇએ, તો પછી મારે તે કેમ ન કરવું?" આવું કહેનારા અને તે પ્રમાણે વર્તનારા જ સાચા નાયકો થઇ શકે. કારણકે તેમનામાં આત્મશ્રદ્ધા છે, અને પોતે માથે લીધેલા કાર્ય વાસ્તે ભોગ આપવાની શક્તિ છે. જ્યારે પ્રગતિશીલ વિચારકોમાંથી આવા નિઃસ્વાર્થી આત્મભોગી સાચા નાયકો બ્હાર પડશે, ત્યારે સંઘનો ઉદય થશે.

૨૬–૮–૩૦ મણિલાલ નથુભાઈ દોશી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org